**પ્રશ્નપત્ર - 3**

# SKP SCHOOL - RAJKOT

**વિષય : ગુજરાતી**

| ધોરણ : 10 | સમય : 3 કલાક | કુલ ગુણ : 80 |
|---|---|---|

**સૂચનાઓ :** (1) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો આપેલા છે. (2) દરેક વિભાગના 20 ગુણ છે.
(3) દરેક વિભાગમાં સૂચના મુજબ પ્રશ્નો લખવા. (4) પ્રશ્નોના જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

## વિભાગ – A

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[04]**

| (A) | (B) |
|---|---|
| 1. અંકિત | (અ) ઘોડીની સ્વામીભક્તિ |
| 2. ગોવિંદ | (બ) ભૂખથીય ભૂંડી ભીખ |
| 3. રાજુ | (ક) ગતિભંગ |
| 4. આંબા પટેલ | (ડ) ચોપડાની ઈન્દ્રજાળ |
| | (ઈ) રેસનો ઘોડો |

**(બ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[04]**

(5) શ્રીમદ્‌નો પરીચય ગાંધીજીને .................. એ કરાવી આપેલો. (ડૉ. મહેતાજી, ધારસીભાઈ, હેમરાજભાઈ)

(6) હિમ નદીઓના માર્ગમાં .................. આવતી. (મોટી ખોભણો, મોટી શીલાઓ, મોટી ખીણો)

(7) ઉપરવાસમાં .................... નદીમાં ઘોડાપૂર આવ્યું. (મહી, ભોગાવો, શેતરુંજી)

(8) નૈસર્ગિક સૌંદર્ય પાછળ .................. પાગલ હતો. (કનોજ, નરેન, વિરાટ)

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** **[02]**

(9) આંબા પટેલની ઘોડીની ચાલ કેવી હતી ?

(10) દુકાળના વખતમાં લોકોને કોણે મદદ કરી ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો. (કોઈ પણ બે)** **[04]**

(11) 'બાવાનાં બેય બગડયાં' એમ કાળુ શા માટે કહે છે ?

(12) 'ડુંગરની પત્ની અચાનક અટકીને શા માટે ઊભી રહી ગઈ ?

(13) દર વર્ષે જીવલો લેખકના ઘરે કઈ-કઈ વસ્તુઓ આપવા જતો ?

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાકયોમાં મુદ્દાસર ઉત્તર લખો. (કોઈ પણ બે)** **[06]**

(14) 'ભૂંખથીય ભૂંડી ભીખ' પાઠને આધારે કાળુનું પાત્રાલેખન કરો.

(15) 'આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા માણસ બને તે છે ' આ વિધાન વિગતે સમજાવો.

(16) લેખકે સૂચવેલાં સામાજિક જાગૃતિનાં પગલાં જણાવો.

## વિભાગ – B

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** **[04]**

| 'અ' | 'બ' |
|---|---|
| 17. હું એવો ગુજરાતી | (અ) અશોક ચાવડા |
| 18. માધવને દીઠો છે કયાંય ? | (બ) 'ગની દહીંવાલા' |
| 19. દિવસો જુદાઈના જાય છે. | (ક) રાવજી પટેલ |
| 20. દીકરી | (ડ) હરિન્દ્ર દવે |
| | (ઈ) વિનોદ જોશી |

**(બ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[04]**

(21) ઝાકળથી .................. ન્હાય છે. (રાતરાણી, કદંબ ડાળી, પગલાં)

(22) કવિ નેણભરીને જોવા .................... ને સંબોધન કરે છે. (બહેન, મિત્ર, વીરા)

(23) ઢોચકીમાં ................. હતું. (પાણી, છાશ, ઘી)

(24) કાવ્યનાયિકાનો વીર ................. પાઘડી પહેરે છે. (નવરંગી, સપ્તરંગી, ત્રિરંગી)

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[02]**

(25) કવિની દષ્ટિએ ભારવાળો મુગટ એટલે શું ?

(26) કવિની દષ્ટિએ પક્ષી ક્યાં મળશે ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (કોઈ પણ બે)** **[04]**

(27) કવિ કઈ અરજ કરે છે ?

(28) મુરલી ઠાકુરને આંગણું મોટું શા માટે લાગે છે ?

(29) કવિ ગુજરાતીને 'મહાજાતિ' કહે છે. શા માટે ?

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. (કોઈ પણ બે)** **[06]**

(30) સારસીના ઉડી જવાથી કવિ ઉપર થયેલી અસર તમારા શબ્દોમાં લખો.

(31) 'દીકરી' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

(32) 'શિકારીને' કાવ્યનો ભાવાર્થ સમજાવો.

## વિભાગ – C

● **માગ્યા પ્રમાણે ઉત્તર લખો.** **[20]**

**નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

(33) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો. [01]

ચાંપલીયો (ચાપલીયો, ચાંપલિયો, ચંપાલીયો)

આસિસ (આશિષ, આશીષ, આશિસ)

(34) આપેલ શબ્દની સાચી સંધિ જોડો [01]

તિરઃ + કાર (તિરસ્કાર, તિરકાર, તિરઃકાર)

(35) આપેલ શબ્દનો સમાસ ઓળખાવો. [01]

સુકુમાર (તત્પુરુષ સમાસ, દ્વન્દ્વ સમાસ, કર્મધારય સમાસ)

(36) બંને શબ્દના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો. [01]

સૂચિ –

સુચિ –

(37) આપેલ વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો. [01]

કાળુ જાણે આંખનો પાટો અને તેય જાણે મરચાંનો હતો.... (ઉત્પ્રેક્ષા અલંકાર, રૂપક અલંકાર, શ્લેષ અલંકાર)

(38) આપેલ શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? [01]

બાળક (પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એક પણ પ્રત્યય નહીં)

(39) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. [01]

1. લોહી (રક્ત, લોહીલુહાણ, લોહિયાળ)

2. મહેમાન (અતિથી, યજમાન, મહેમાની)

(40) આપેલ સંજ્ઞાનો આપેલ વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. [01]

આહવા (જાતિવાચક સંજ્ઞા, ક્રિયાવાચક સંજ્ઞા, વ્યકિતવાચક સંજ્ઞા)

● **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

(41) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો. [01]

કદર કરવી

(42) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. [01]

સંઘર્યો સાપ પણ કામનો.

(43) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. [01]

ખેતર કે ગામની હદ



www.wingofeducation.com

(44) નીચેના શબ્દનો વિરોધી શબ્દ લખો. [01]

વફાદારી

(45) કાળુએ સોગન ખાધા હતા. - કર્મણિ વાકયમાં ફેરવો. [01]

(46) નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ જણાવો. [01]

છોરો

(47) નીચેના વાકયમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [01]

હું મારી માટીનો જાયો.

(48) નીચેના વાકયમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર જણાવો. [01]

મળેલા જ્ઞાનને આચરણમાં મુકવાનું એટલું સહેલું નથી.

(49) આપેલ શબ્દના ધ્વનિ ઘટકો (સ્વર - વ્યંજન) છુટા પાડો. [01]

અશ્રુઓ

(50) નીચેના વાક્યની પ્રેરક વાકય રચના બનાવો. [01]

ચિરાગ ક્રિકેટ રમે છે.

(51) નીચેની પંક્તિનો છંદ ઓળખાવો. [01]

મરી આપણ જણ બંને બેન સંપી રમીએ તો સુખચેન

(52) આપેલ છંદનું બંધારણ જણાવો. [01]

મંદાક્રાન્તા

## વિભાગ - D

53. **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થ વિસ્તાર કરો.** **[04]**

"નિશાનચૂક માફ, નહિ માફ નીચું નિશાન

**અથવા**

"ન રાખ આશ કદી કોઈ પાસ,

કરી શકે કોણ પછી નિરાશ ?"

54. **તમારી શાળામાં ઉજવાયેલા પ્રજાસત્તાકદિનની ઉજવણીનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં તૈયાર કરો.** **[04]**

55. **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[04]**

યુવાન માણસોમાં ઘણુંખરું મનમાં આવે તે કહી દેવાની ટેવ હોય છે, જેથી કરી લુચ્ચાઈમાં પાકા થયેલા માણસોનો તેઓ બિચારા ભોગ થઈ પડે છે. કોઈ લુચ્ચો માણસ તેમને કહેશે કે હું તમારો મિત્ર છું તો ખરે જ તેને ખરો મિત્ર ગણે અને ક્ષણિક મિત્રતાના વચનથી તેમાં વગર વિચારે બેહદ વિશ્વાસ રાખે, તેથી પોતાને હંમેશાં નુકશાન થાય, એટલું જ નહિ પણ ઘણી વખત વિનાશકારક પરિણામ નીપજે આથી મોઢે બોલીને દર્શાવેલી મિત્રતાથી સાવધ રહેવું. તેના મિત્ર આવે ત્યારે તેમને ઘણી સલુકાઈથી મળવું, પણ તેમના બોલવામાં કાંઈ ભરોસો રાખવો નહિ. પહેલી જ મુલાકાતમાં અથવા થોડીક ઓળખાણમાં લોકો મિત્ર થઈ જાય છે એવું કદી ધારતા નહિ. ખરી મિત્રતા તો હળવે હળવે થાય છે અને અન્યોન્યના ગુણનું જ્ઞાન થયા વગર તે મિત્રતા વૃદ્ધિ પામીને કદી પક્વ થતી નથી.

56. **ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **[08]**

ધરતીનો છેડો ઘર

(પ્રસ્તાવના - ઘર એક આશ્રયસ્થાન - ઘર કોને ન કહેવાય ? - 'ધરતીનો છેડો ઘર' એ ઉક્તિનું રહસ્ય - ઉપસંહાર)

**અથવા**

વસંત - વનમાં અને જનમાં

(પ્રસ્તાવના - ભારતનો ઋતુક્રમ - વસંતનું માદક વાતાવરણ - વસંત અને માનવજીવન - વસંત - એક અજોડ ઋતુ - ઉપસંહાર)

**અથવા**

પ્રાર્થના - જીવનનું બળ

(પ્રસ્તાવના - ઈશ્વરના ઋણી - વિવિધ ધર્મોમાં પ્રાર્થના - પ્રાર્થનાની શકિત અને તેનાં ઉદાહરણ - પ્રાર્થનાના સંસ્કાર - ઉપસંહાર)



www.wingofeducation.com